By Mail
Dt. 1/3/18

કમિશ્નર, શાળાઓ. ગુજરાત રાજ્ય. ઉમશ/ઉ.મા.૨/૪૧૬/1296-1330

બ્લોક નં. ૯

ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ.

સેક્ટર – ૧૦ ,

ગાંધીનગર.

તા. -૦૨-૨૦૧૮.

પ્રતિ :

નાયબ સચિવશ્રી. (માધ્યમિક)

શિક્ષણ વિભાગ.

સચિવાલય.

ગાંધીનગર.

વિષય : બિન સરકારી માધ્યમિક / ઉ. માધ્યમિક શાળાઓમાં નિમણુક પામેલા સહાયકને જુદી જુદી શાળાઓમાં બજાવેલ છુટક સેવાઓ પાંચ વર્ષની ગણતરી માટે જોડી આપવા તેમજ સહાયકોને પાંચ વર્ષ પુરા થતા જે તે સંવર્ગમાં સમાવવા એકસૂત્રતા જાળવવા બાબત.

સંદર્ભ : ૧. આપનો તા. ૨૮.૦૯.૨૦૦૫નો પત્ર ક્રમાંક : બમશ/૧૧૦૫/૧૩૬૩/ગ (નકલ સામેલ છે)

૨. આપનો તા. ૧૦.૧૦.૨૦૦૫નો સરખા ક્રમાંકનો પત્ર. (નકલ સામેલ છે)

૩. શિક્ષણ વિભાગ નો. તા. ૨૪.૦૯.૨૦૦૩નો ઠરાવ ક્રમાંક : ઉમસ-૧૧૯૬-ઇએમાર/૩૦૧-ગ.૧ (નકલ સામેલ છે)

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે શિક્ષણ વિભાગ સંદર્ભ ૩ દર્શિત ઠરાવમાં બિન સરકારી માધ્યમિક અને ઉ. માં. શાળાના ફાજલ શિક્ષકો/ કર્મચારીઓ ને રક્ષણ આપવા તથા ધો. ૧૧-૧૨મા વિદ્યાર્થીઓની સરાસરી હાજરી અંગે કરવાની થતી કાર્યવહી અંગે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. સદરહૂ ઠરાવ થકી આપવામાં આવેલ સૂચનાઓની સૂચના ક્રમાંક : ૪ નીચે મુજબ છે.:

" જે શિક્ષકોને ફાજલનું રક્ષણ મળવાપાત્ર નથી અને વર્ગ ઘટાડાને કારણે છૂટા કર્યા હોય તેમને વર્ગ પુનઃ શરૂ થાય ત્યારે માતૃસંસ્થાને લેવા ઇચ્છે તો અગ્રતા આપી ભરતી પ્રક્રિયા વિના પરત લઇ શકાશે. પરંતુ તેમની ભરતી નવેસરથી ગણાશે અને અગાઉની નોકરી ધ્યાને લેવાની રહેશે નહી. "

ત્યાર બાદ આપની કચેરીના સંદર્ભ (૧) થી ઉલ્લેખિત તા. ૨૮.૦૯.૨૦૦૫ના પત્રથી નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

" ... જો કોઈ શિક્ષણ સહાયકને શાળામાં વર્ગ સંખ્યા / વિદ્યાર્થી સંખ્યા ઘટવાને લીધે અથવા આખી શાળા વહીવટી કારણોસર બંધ કરવામાં આવેલ હોય અને તેને લીધે સહાયકોને છુટા થવું પડ્યું હોય તો જ્યારે તે પુનઃ જે તે સહાયક તરીકે પોતાની કે અન્ય શાળામાં જોડાય તો તેમની અગાઉની સેવાનો સમય ૫ વર્ષની ગણતરીમાં લઈને ૫ વર્ષ પુરા થયે ગણવાના અને તેને પુરા પગારમાં મુકવાના રહેશે તેવો સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. "

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં અત્રેના મંતવ્ય મુજબ સરકારશ્રીના ઠરાવથી નિર્ણિત થયેલ બાબતમાં કોઈ આનુષંગિક ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવે તો તેને ઠરાવના સ્વરૂપમાં જ ઘોષિત કરવાનો રહે છે. પ્રસ્તુત કિસ્સામાં સંદર્ભ (૧) નાં પત્રથી જણાવવામાં આવેલ બાબત અંગે તા. ૨૪.૦૯.૨૦૦૩ નાં ઠરાવ સંદર્ભે સુધારા ઠરાવ જારી કરવાથી આ બાબતને યોગ્ય રીતે સમર્થિત કરેલી ગણાશે.

સબબ, ઉપરોક્ત વિગતે, અત્રેના મંતવ્યને સમર્થિત કરીને સુધારા ઠરાવ જારી કરવા વિનંતી છે. સંદર્ભ દર્શિત પત્ર તથા ઠરાવની નકલ આ સાથે જાણ અર્થે સામેલ રાખેલ છે. તેમજ ઉપરોક્ત સ્પષ્ટતા થાય તે દરમિયાન સરકારશ્રીના સંદર્ભ (૩) દર્શિત તા. ૨૪.૦૯.૨૦૦૩ના ઠરાવની જોગવાઈઓ મુજબ અમલીકરણ કરવામાં આવી રહેલ છે જે વિદિત થવા વિનંતી.

બીડાણ: ઉપર મુજબ

નિયામક, શાળાઓ.
ગુજરાત રાજ્ય.

નકલ રવાના :

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ (તમામ) ને " હાલની સ્થિતિએ ઠરાવનો અમલ કરવા સૂચના આપવામાં આવે છે."